# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહ ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૬ પરીક્ષાની ઉત્તરવહીઓના રૂબરૂ અવલોકન માટે જે વિદ્યાર્થીઓએ અરજી કરેલ છે, તેવા વિદ્યાર્થીઓ માટે તા.૨૮/૦૫/૨૦૨૬ અને તા.૨૯/૦૫/૨૦૨૬ ના રોજ ઉત્તરવહી અવલોકનની પ્રક્રિયાનું આયોજન કરવામાં આવેલ છે. ઉત્તરવહી અવલોકનમાં ઉપસ્થિત રહેવા માટે અરજી કરનાર ઉમેદવાર સ્થળ, તારીખ અને સમય જેવી વિગતો દર્શાવતો કોલલેટર બોર્ડની વેબસાઇટ **sci.gseb.org** અથવા **gseb.org** પર પોતાનો બેઠક નંબર તથા અરજી કરતી વખતે રજીસ્ટર કરેલ મોબાઇલ નંબર એન્ટર કરી તા.૨૧/૦૫/૨૦૨૬ થી ડાઉનલોડ કરી શકશે. કોઇપણ ઉમેદવારને અવલોકન માટેના કોલલેટર ટપાલ દ્વારા મોકલવામાં આવતા નથી, જેથી કોલ લેટર ઓનલાઇન માધ્યમથી ડાઉનલોડ કરી અવલોકન સ્થળ પર સમયસર હાજર રહેવા જણાવવામાં આવે છે.

**ઉત્તરવહી અવલોકન માટે ઉમેદવારે બોર્ડની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરેલ કોલ-લેટર, પ્રવેશપત્ર(હોલ ટિકિટ), ગુણપત્રક/પ્રમાણપત્રની નકલ અને અવલોકન માટે "ફી" ભર્યાની રસીદ સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી.**

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:-૨૧/૦૫/૨૦૨૬
સ્થળ :- ગાંધીનગર